'પટેલ, વાણિયા કે બ્રાહ્મણ મેલું ઉપાડે તો 50 હજાર આપીશ': વાઘેલાના નિવેદનથી વિવાદ

સાગબારાની સભામાં અનામત અને આદિવાસી અધિકારોના મુદ્દે પૂર્વ CMનો ઉગ્ર પ્રહાર

બ્રહ્મ સમાજ-પાટીદાર અગ્રણીઓનો વિરોધ, જાહેર માફીની માંગ

'વર્ગવિગ્રહ ઊભો કરવાનો પ્રયાસ'ના આક્ષેપો વચ્ચે વાઘેલાના નિવેદનથી રાજકીય ચર્ચા તેજ

ગાંધીનગરઃ નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના ખોપી ગામે ગાંધી જયંતીના દિવસે યોજાયેલી જાહેરસભામાં પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ અનામત અને આદિવાસીઓના અધિકારોના મુદ્દે કરેલા નિવેદનથી ગુજરાતના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. અનામતનો વિરોધ કરનારાઓને નિશાન બનાવી વાઘેલાએ પટેલ, વાણિયા અને બ્રાહ્મણ સમાજનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે, "મેલું ઉપાડવાની નોકરી કરવી હોય તો પછી ભલે તમે વાણિયા, બ્રાહ્મણ કે પટેલ હોવ, મેલું ઉપાડવા બદલ મહિને 50 હજાર રૂપિયા હું આપીશ." આ નિવેદનનો વીડિયો સામે આવ્યા બાદ વિવિધ સમાજોના અગ્રણીઓએ વાઘેલા સામે વિરોધ નોંધાવ્યો છે.

સાગબારામાં જંગલની જમીનના ખેડાણ મુદ્દે ખેડૂતો અને વન વિભાગ વચ્ચે ચાલી રહેલા વિવાદના સંદર્ભમાં યોજાયેલી સભામાં વાઘેલાએ આદિવાસીઓની જીવનપરિસ્થિતિનો ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે, આદિવાસીઓ જે પરિસ્થિતિમાં રહે છે તેમાં સવર્ણ સમાજના લોકો રહીને જુએ તો તેમને વાસ્તવિક સ્થિતિની ખબર પડે. તેમણે વીજળી-પાણી જેવી પાયાની સુવિધાઓનો અભાવ હોવાનો ઉલ્લેખ કરી અનામતને વર્ષોથી થયેલા અન્યાયનું વળતર ગણાવ્યું હતું. સાથે જ એસસી , એસટી અને ઓબીસીની કુલ સંખ્યાનો ઉલ્લેખ કરતાં આદિવાસી સહિત પછાત વર્ગોના અધિકારોનો મુદ્દો ઉઠાવ્યો હતો.

બ્રહ્મ સમાજનો વિરોધ, ત્રણ દિવસમાં માફીની માંગ

વાઘેલાના નિવેદન સામે રાજકોટ સહિતના બ્રહ્મ સમાજના અગ્રણીઓએ આકરો વિરોધ નોંધાવ્યો છે. બ્રહ્મ સમાજના અગ્રણી હિરેન જોષીએ આ પ્રકારના નિવેદનથી સમાજોમાં વર્ગવિગ્રહ ઊભો કરવાનો પ્રયાસ થતો હોવાનો આક્ષેપ કરી જાહેર માફીની માગ કરી છે. તેમણે ચીમકી આપી છે કે ત્રણ દિવસમાં વાઘેલા જાહેરમાં માફી નહીં માગે તો સવર્ણ સમાજના અગ્રણીઓ આગામી વ્યૂહરચના નક્કી કરી તેમના 'વસંત વગડો' નિવાસસ્થાન ખાતે વિરોધ પ્રદર્શન કરશે. પ્રદેશ બ્રહ્મ સમાજના કન્વીનર અને ભાજપ નેતા યજ્ઞેશ દવેએ પણ વાઘેલા પર વળતો પ્રહાર કર્યો છે. તેમણે કહ્યું કે, મેલું ઉપાડવા જેવા "શુભ કાર્ય"ની શરૂઆત વાઘેલાએ પોતાનાથી કરવી જોઈએ અને જો વાઘેલા તેમના ઘરનું મેલું ઉપાડે તો તેઓ તેમને દર મહિને પાંચ લાખ રૂપિયા આપવા તૈયાર છે.

પાટીદાર અગ્રણીઓ પણ મેદાનમાં

વાઘેલાના નિવેદનને પગલે પાટીદાર સમાજના અગ્રણીઓએ પણ વિરોધ નોંધાવ્યો છે. ખોડલધામના ટ્રસ્ટી દિનેશ બાંભણિયાએ આ પ્રકારની ટિપ્પણીને ચોક્કસ સમાજને ખુશ કરવા માટે કરવામાં આવેલી ગણાવી સમાજો વચ્ચે વર્ગવિગ્રહ ઊભો કરવાનો પ્રયાસ ગણાવ્યો છે. જરૂર પડે તો કાયદાકીય લડતની પણ ચીમકી તેમણે આપી છે. ભાજપના પાટીદાર નેતા અલ્પેશ કથીરિયાએ પણ વાઘેલાના નિવેદનની ટીકા કરતાં કહ્યું છે કે પૂર્વ મુખ્યમંત્રી જેવા વરિષ્ઠ રાજકીય નેતા પાસેથી આવી ભાષાની અપેક્ષા રાખી શકાય નહીં અને તેમણે સમાજની માફી માગવી જોઈએ.

ઉમિયાધામના પ્રમુખે ટિપ્પણીથી અંતર રાખ્યું

વાઘેલાના નિવેદન અંગે પાટીદાર સમાજની સંસ્થા ઉમિયાધામના પ્રમુખ બાબુ જમનાદાસ પટેલે કોઈ પ્રતિક્રિયા આપવાનું ટાળ્યું છે. તેમણે આ મુદ્દે "મારે કંઈ બોલવું નથી" કહીને ટિપ્પણીથી અંતર રાખ્યું છે.

કોંગ્રેસના દિગ્ગજ નેતાઓની હાજરીથી રાજકીય ચર્ચા તેજ

વાઘેલાનું નિવેદન એવા સમયે સામે આવ્યું છે જ્યારે તેમની કોંગ્રેસમાં પુનઃવાપસીની ચર્ચા રાજકીય વર્તુળોમાં ચાલી રહી છે. કોંગ્રેસમાં સત્તાવાર રીતે પરત ફર્યા ન હોવા છતાં સાગબારાની સભામાં તેઓ કોંગ્રેસના દિગ્ગજ નેતાઓ સાથે મંચ પર જોવા મળ્યા હતા. પરિણામે નિવેદનને લઈને સામાજિક વિરોધની સાથે તેની રાજકીય અસરો અંગે પણ ચર્ચા તેજ બની છે. જોકે, વાઘેલાના સમગ્ર નિવેદનનો સંદર્ભ જોતા તેમનો મુખ્ય મુદ્દો આદિવાસીઓની કથિત પાયાની સુવિધાઓના અભાવ અને અનામતના અધિકાર તરફ હતો. વાઘેલાના સમર્થક વર્તુળોનું કહેવું છે કે તેમનો આશય કોઈ સમાજને નીચો દેખાડવાનો નહીં પરંતુ આદિવાસીઓની વાસ્તવિક જીવનપરિસ્થિતિ અને વર્ષોથી ચાલતા અન્યાયનો મુદ્દો ઉઠાવવાનો હતો. તેમ છતાં પટેલ, વાણિયા અને બ્રાહ્મણ સમાજના ઉલ્લેખને કારણે નિવેદનને લઈને રાજકીય તથા સામાજિક વિવાદ વકર્યો

ધારાસભ્યની બહેન અંગેની પોસ્ટ સામે કોંગ્રેસનો રાજ્યવ્યાપી વિરોધ

બદનામ કરવાનું ષડયંત્ર સરકારના ઇશારે થઈ રહ્યું હોવાનો મેવાણીનો આક્ષેપ

પોલીસ વડા સમક્ષ જવાબદારો સામે કાર્યવાહી કરવાની માંગ

અમદાવાદઃ વડગામના ધારાસભ્ય અને ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી પ્રમુખ જીગ્નેશ મેવાણીની બહેન અંગે સોશિયલ મીડિયા પર કરવામાં આવેલી કથિત અભદ્ર પોસ્ટને લઈને કોંગ્રેસે વિરોધ નોંધાવ્યો છે. આ મામલે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં આગામી દિવસે સાંજે 4 વાગ્યે કાર્યક્રમ યોજી પોલીસ ફરિયાદ નોંધવાની માંગ કરવામાં આવશે. બનાસકાંઠાના ધવલ દવે દ્વારા ધારાસભ્યની બહેન અંગે સોશિયલ મીડિયા પર વાંધાજનક પોસ્ટ કરવામાં આવી છે અને ત્યારબાદ અન્ય લોકો દ્વારા તેને વાયરલ કરવામાં આવી રહી છે. આ ઘટનાને પગલે કોંગ્રેસના કાર્યકરો તેમજ દલિત સમાજમાં આક્રોશ છે. રાજકીય વિરોધમાં પણ મર્યાદા જળવાવી જોઈએ અને રાજકીય લડાઈમાં પરિવારની મહિલાઓને નિશાન બનાવવી યોગ્ય નથી. તેમણે રાજ્ય પોલીસ વડા સમક્ષ જવાબદારો સામે કાર્યવાહી કરવાની ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ માંગ કરી હતી. જીગ્નેશ મેવાણીએ જણાવ્યું હતુ કે છેલ્લા દસ વર્ષથી તેમને બદનામ કરવા માટે અનેક પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

સ્વાગતમાં રજૂઆત, ત્રણ મહિનામાં પાકા રસ્તા માટે રૂ.99.50 લાખ મંજૂર

સાબરકાંઠાના આદિજાતિ વિસ્તારના ભટેલા ગામના કાચા રસ્તાને ડામર રોડ બનાવવાની મંજૂરી

'સ્વાગત'માં ગ્રામ્ય નાગરિકની રજૂઆતનું ત્વરિત નિરાકરણ

ગાંધીનગરઃ સાબરકાંઠાના આદિજાતિ વિસ્તારના ભટેલા ગામના કાચા રસ્તાને પાકો બનાવવાની ગ્રામ્ય નાગરિકની રજૂઆતને ત્વરિત વહીવટી પ્રતિસાદ મળ્યો છે.

ઓગસ્ટ-2026ના રાજ્ય 'સ્વાગત' કાર્યક્રમમાં ગામના મેટલ રસ્તાને ડામર સપાટીનો પાકો રોડ બનાવવાની રજૂઆત થયા બાદ માત્ર ત્રણ મહિનામાં આ કામ માટે રૂ.99.50 લાખની નાણાકીય મંજૂરી આપવામાં આવી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના ઓનલાઈન 'સ્વાગત' જનફરિયાદ નિવારણ કાર્યક્રમમાં થયેલી રજૂઆતના પગલે સાબરકાંઠાના આદિજાતિ વિસ્તારના ભટેલા ગામના કાચા રસ્તાને પાકો બનાવવાનો માર્ગ મોકળો થયો છે. ઓગસ્ટ-2026ના રાજ્ય સ્વાગતમાં ગામના મેટલ રસ્તાને ડામર સપાટીનો પાકો રોડ બનાવવાની રજૂઆત થયા બાદ મુખ્યમંત્રીની સૂચનાના પગલે માત્ર ત્રણ મહિનામાં આ કામ માટે રૂ.99.50 લાખની નાણાકીય મંજૂરી આપવામાં આવી છે. સાબરકાંઠાના વિજયનગર તાલુકાના ભટેલા ગામના રસ્તાની સમસ્યા અંગે નવાગામ ધનેલાના નાગરિક તુષારભાઈએ રાજ્ય સ્વાગતમાં રજૂઆત કરી હતી.

બાઈબલમાં જે શેતાનનું વર્ણન કરવામાં આવ્યું છે તે AI જેવો હોઈ શકે છે?

ટુ ધ પોઇન્ટ

■ સંજય વોરા ■

દુનિયાના લગભગ તમામ ધર્મોમાં આપણી દુનિયાનો અંત ક્યારે અને કેવી રીતે આવશે, તેનું વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે. હિન્દુ ધર્મગ્રંથોમાં જેમ કલ્કિ અવતારની વાત લખવામાં આવી છે તેમ બાઇબલમાં શેતાનનું વર્ણન કરવામાં આવ્યું છે, જેના થકી આપણી વર્તમાન દુનિયાનો નાશ થવાનો છે. આ શેતાનના પ્રતિનિધિ તરીકે દજ્જાલ કે એન્ટી ક્રાઇસ્ટનો પણ ઉલ્લેખ કરવામાં આવે છે. હવે કેટલાક ખ્રિસ્તી ધર્મગુરુઓ કહી રહ્યા છે કે વર્તમાનમાં જે કૃત્રિમ બુદ્ધિમત્તા કે AI નો વિકાસ થઈ રહ્યો છે તે જ શેતાનનો અવતાર છે અને તે માનવજાતનો નાશ કરશે.

અમેરિકાના એટલાન્ટાના પ્રભાવશાળી પાદરી ફિલિપ એન્થોની મિશેલ કહે છે કે છેલ્લા સમયમાં AI મુખ્ય ભૂમિકા ભજવશે. ખ્રિસ્તી ધર્મમાં 'છેલ્લા સમય' શબ્દનો ઉપયોગ વિશ્વના છેલ્લા દિવસો વિશેની ભવિષ્યવાણીઓનું વર્ણન કરવા માટે થાય છે. મિશેલે આ આગાહી કર્યાને એક વર્ષથી વધુ સમય થઈ ગયો છે. આ નિવેદન કોઈ મોટી ટેકનોલોજી કંપનીના નિષ્ણાત દ્વારા આપવામાં આવ્યું નથી, પણ ખ્રિસ્તી ધર્મગુરુ દ્વારા આપવામાં આવ્યું છે. હવે ઘણા અન્ય અગ્રણી ખ્રિસ્તી વ્યક્તિઓ પણ TikTok, પોડકાસ્ટ અને પુસ્તકો સહિત વિવિધ પ્લેટફોર્મ પર પ્રશ્ન ઉઠાવી રહ્યા છે કે શું કૃત્રિમ બુદ્ધિ વૈશ્વિક વિનાશનું કારણ બની શકે છે. મેગા ચર્ચના પાદરી ગ્રેગ લૌરી પૂછે છે કે શું AI દુનિયાનો અંત લાવી શકે છે? પછી તે પોતાને જવાબ આપે છે કે તે સંપૂર્ણપણે શક્ય છે.

પાદરી માઇક સિગ્નોરેલીએ એક પોડકાસ્ટમાં જણાવ્યું હતું કે શેતાનનો પ્રતિનિધિ માનવામાં આવતો દજ્જાલ કેવી રીતે દેખાશે તેનો આ એક મુખ્ય ભાગ છે. આ પાદરીઓ માને છે કે કૃત્રિમ બુદ્ધિનો ઉપયોગ સારા હેતુઓ માટે થઈ શકે છે, પરંતુ તેઓ ચેતવણી આપે છે કે દજ્જાલ તેનો ઉપયોગ લોકોને ભગવાનને બદલે શેતાનની પૂજા કરવા માટે સમજાવવા માટે કરી શકે છે.

ખ્રિસ્તી ધર્મમાં એન્ટી ક્રાઇસ્ટને ભગવાનનો દુશ્મન માનવામાં આવે છે. ધાર્મિક માન્યતાઓ અનુસાર ઈસુ ખ્રિસ્ત આખરે તેને એક મહાન યુદ્ધમાં હરાવશે. આ માન્યતાઓ મોટે ભાગે બાઇબલના અંતિમ પુસ્તક Revelation પર આધારિત છે, જેમાં ભયાનક અને પ્રતીકાત્મક દૃશ્યો છે. તેઓ સાત માથાં અને દસ શિંગડાંવાળા સમુદ્રમાંથી નીકળતાં પશુનો પણ ઉલ્લેખ કરે છે.

કેટલાંક ખ્રિસ્તીઓ AIને એન્ટી ક્રાઇસ્ટનું પ્રતીક માને છે. ઘણાં ખ્રિસ્તીઓ માને છે કે Revelation ની આ ભવિષ્યવાણીઓ પ્રતીકાત્મક છે. કેટલાંકના મતે આ કથા રોમન સામ્રાજ્ય દ્વારા પ્રારંભિક ખ્રિસ્તી ચર્ચ પર થયેલા જુલમો સાથે સંબંધિત છે. જો કે, કેટલાંક લોકો તેને ભવિષ્યની વાસ્તવિક આગાહી પણ માને છે. કેટલાંક લોકો દલીલ કરે છે કે AI ધાર્મિક પુસ્તકમાં ઉલ્લેખિત અન્ય પ્રાણીઓનું સ્વરૂપ લઈ શકે છે. તેઓ માને છે કે આનાથી માનવો એન્ટિક્રાઇસ્ટની પૂજા કરવા પ્રેરાઈ શકે છે. કેટલાંક લોકો એવું પણ માને છે કે AI પોતે જ એન્ટી ક્રાઇસ્ટ હોઈ શકે છે.

કૃત્રિમ બુદ્ધિ (AI) નિઃશંકપણે ઝડપથી વર્તમાન દુનિયાને બદલી રહી છે. તેની શક્તિ અને ક્ષમતાઓ અંગે પણ ચિંતાઓ વધી રહી છે. ભૂતપૂર્વ માનવશાસ્ત્ર સંશોધક જેકબ કોક્સને તો ત્યાં સુધી કહ્યું છે કે આપણે બધા નજીકના ભવિષ્યમાં મૃત્યુ પામીશું. તે જ સમયે, મોટી ટેકનોલોજી કંપનીઓના વડાઓ પણ ચેતવણી આપી રહ્યા છે કે જો AI વિકાસની ગતિ ધીમી નહીં કરવામાં આવે તો તે ગંભીર જોખમો પેદા કરી શકે છે. સેન્ટ જોન્સ સ્કૂલ ઓફ થિયોલોજી એન્ડ સેમિનરીનાં મહિલા પ્રોફેસર નોરીન હર્ઝફેલ્ડ એઆઈ અને ટેકનોલોજીના નીતિશાસ્ત્ર પર સંશોધન કરે છે. તેઓ કહે છે કે મોટા પરિવર્તનના સમયમાં દુનિયાના અંત વિશેની ચર્ચા પણ તીવ્ર બને છે. આવી માન્યતાઓ લોકોને સમાજમાં ઉદ્ભવતાં દબાણોને સમજવાનો માર્ગ આપે છે. આનાથી તેમને લાગે છે કે જે કંઈ પણ થઈ રહ્યું છે તે માત્ર એક સંયોગ નથી, પરંતુ ભગવાનની યોજનાનો એક ભાગ છે.

હર્ઝફેલ્ડ કહે છે કે નોકરીઓ પર AI ની સંભવિત અસરની તુલના ઔદ્યોગિક ક્રાંતિ સાથે કરી શકાય છે. તે યુગે લોકોમાં અનિશ્ચિતતા અને ચિંતાનું વાતાવરણ પણ બનાવ્યું હતું. આપણે ઝડપથી બદલાતી દુનિયામાં જીવીએ છીએ. કમ્પ્યુટર ટેકનોલોજી પહેલાં કરતાં વધુ ઝડપથી આગળ વધી રહી છે. આપણને કહેવામાં આવી રહ્યું છે કે આ ટેકનોલોજી લોકોની નોકરીઓ છીનવી લેશે. તે બધું બદલી નાખશે અને દરેક ક્ષેત્રમાં ક્રાંતિ લાવશે. લોકો માટે આટલા ઝડપી પરિવર્તનને સ્વીકારવું ખૂબ મુશ્કેલ છે. આ સાથે, એ વાતનો અહેસાસ પણ વધી રહ્યો છે કે કદાચ માનવીઓ હવે પોતાના નિર્ણયો અને પરિસ્થિતિઓ પર પહેલાં જેવો નિયંત્રણ રાખતા નહોતાં.

આપણને ગમે કે ન ગમે, AI આપણા મોટા ભાગના જીવનનો એક ભાગ બની ગયું છે. બીજી તરફ, સિલિકોન વેલી તરફથી પણ ચેતવણીઓ આવી રહી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે AI ને કારણે માનવતા સંપૂર્ણપણે લુપ્ત થવાની શક્યતા ૧૦ કે ૧૫ ટકા સુધી હોઈ શકે છે. હર્ઝફેલ્ડના મતે, જે લોકો માને છે કે હજુ પણ બધું ભગવાનના નિયંત્રણમાં છે અને તે બધા પાછળ એક હેતુ છે. તે બધું એક યોજના મુજબ થઈ રહ્યું છે, તો તેઓ પરિસ્થિતિને અલગ રીતે જોઈ શકે છે. પછી તેઓ પોતાને પૂછી શકે છે કે હું આ સમયનો સામનો કેવી રીતે કરવા માંગુ છું? મારે શું કરવું જોઈએ? અને હું ખરાબ પર સારાને ટેકો આપવા માટે મારી જાતને કેવી રીતે તૈયાર કરી શકું?

પ્યુ રિસર્ચ સેન્ટરના સર્વે મુજબ, લગભગ ૪૦ ટકા પુખ્ત અમેરિકનો માને છે કે તેઓ વિશ્વના છેલ્લા દિવસોમાં જીવી રહ્યા છે. ખ્રિસ્તીઓમાં આ આંકડો વધીને ૪૭ ટકા થાય છે. નિષ્ણાતોના મતે આ વિચાર દર થોડા દાયકાઓમાં ફરી ઊભરી આવે છે, કારણ કે લોકો તેમના સમયના ભય અને ચિંતાને દજ્જાલની વિભાવના સાથે જોડવાનું શરૂ કરે છે. ઉત્તર કેરોલિનામાં એલોન યુનિવર્સિટીના પ્રોફેસર જેફ્રી સી. પુઘ કહે છે કે મારી દાદી માનતી હતી કે ફ્રેન્કલિન ડેલાનો રૂઝવેલ્ટ દજ્જાલ હતો. અમેરિકાના રાષ્ટ્રપતિ રૂઝવેલ્ટ ગંભીર આર્થિક કટોકટી અને ગરીબીના સમયગાળા દરમિયાન સત્તા પર આવ્યા હતા. તેમની આર્થિક નીતિઓ તે સમયે વિનાશકારી માનવામાં આવતી હતી. અમેરિકામાં સમયાંતરે દુનિયાના અંતના સિદ્ધાંતો સામે આવ્યા હોવા છતાં આ વિચારને ૧૯૬૦ના દાયકામાં ખાસ વેગ મળ્યો હતો. તે સામાજિક ઊથલપાથલનો અસાધારણ સમયગાળો હતો. તેમાં અમેરિકાના બે રાજકીય નેતાઓની હત્યા કરવામાં આવી હતી. જો આપણે માર્ટિન લ્યુથર કિંગ જુનિયરનો સમાવેશ કરીએ, તો તે સંખ્યા ત્રણ થઈ જાય છે. ગોરા લોકોના જુલમ અને અત્યાચાર સામે કાળા અમેરિકનોમાં ગુસ્સો વધી રહ્યો હતો. આ કારણે ઘણાં શહેરો સળગી રહ્યાં હતાં. બાળકો અને યુવાનો પણ પહેલાં ક્યારેય ન જોયેલી રીતે પોતાનો અવાજ ઉઠાવવા લાગ્યાં હતાં, પછી ભલે તે યુદ્ધવિરોધી અવાજ હોય કે વૈકલ્પિક યુવા સંસ્કૃતિ હોય.

૧૯૭૦ના દાયકામાં "ધ લેટ ગ્રેટ પ્લેનેટ અર્થ' નામનું પુસ્તક ખૂબ જ લોકપ્રિય થયું હતું. આ પુસ્તકમાં દુનિયાના અંત વિશેની બાઇબલ ભવિષ્યવાણીઓ તે સમયના સંજોગો અને વૈશ્વિક રાજકારણ સાથે સીધી રીતે જોડાયેલી હતી. પ્રોફેસર પુઘ કહે છે કે ત્યારથી દરેક મોટી સામાજિક ઊથલપાથલને વિશ્વના અંતની આ માન્યતા સાથે જોડવામાં આવી છે. શીત યુદ્ધ દરમિયાન, સોવિયેત યુનિયન અને સામ્યવાદ દજ્જાલ સાથે સંકળાયેલા હતા. ૧૧ સપ્ટેમ્બરના હુમલા પછી, કેટલાક ખ્રિસ્તીઓએ ઇસ્લામને દજ્જાલ સાથે જોડવાનું શરૂ કર્યું. દરેક યુગના ભય આખરે વિશ્વના અંત વિશેની આ માન્યતાઓમાં પ્રગટ થાય છે. "મેડ ઇન અવર ઇમેજઃ ગોડ, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ એન્ડ યુ' પુસ્તકના લેખક ઓસ્ટ્રેલિયન પાદરી સ્ટીફન ડ્રિસ્કોલ કહે છે કે તેમને ખાતરી નથી કે દજ્જાલ કોણ છે અથવા શું છે. AI એ માણસ દ્વારા બનાવેલી સૌથી ખતરનાક તકનીકોમાંની એક છે. તેથી, કૃત્રિમ બુદ્ધિમત્તા દજ્જાલ માટે સમજી શકાય તેવો ઉમેદવાર હોઈ શકે છે. પરંતુ બાઇબલનો ઉપયોગ કરીને ભવિષ્યની આગાહી કરવાનો પ્રયાસ કરવો ખૂબ ઉપયોગી નથી. બાઇબલ ફક્ત આપણે અનુમાન લગાવવા માટે નથી કે દજ્જાલ કોણ છે. તે તેના કરતાં ઘણું વધારે માર્ગદર્શન પૂરું પાડે છે. બાઇબલ આપણને દુનિયામાં આવી રહેલાં પરિવર્તન માટે તૈયાર કરે છે. તે દરેક કાર્ય પર ધર્મશાસ્ત્રીય દૃષ્ટિકોણ પૂરો પાડે છે. બાઇબલ આપણને વાસ્તવિક રીતે સમજવામાં પણ મદદ કરે છે કે AI ને માનવો માટે સલામત અને ફાયદાકારક કેવી રીતે બનાવવું.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

સિલિકોન વેલી તરફથી પણ ચેતવણીઓ આવી રહી છે, જેમાં કહેવામાં આવ્યું છે કે AI ને કારણે માનવતા સંપૂર્ણપણે લુપ્ત થવાની શક્યતા ૧૦ કે ૧૫ ટકા સુધી હોઈ શકે છે

BUSINESS મિત્ર

US શેરબજાર હવે રાત્રે પણ ખુલ્લું રહેશે

6 ડિસેમ્બરથી શરૂ થશે 23/5 ટ્રેડિંગ, વૈશ્વિક રોકાણકારો માટે મોટી તક

ક્રિપ્ટો માર્કેટને ટક્કર આપવા રાત્રે 9 થી સવારે 4 વાગ્યા સુધી ઉમેરાશે નવું સેશન

મુંબઈ, તા. 3ઃ યુએસ શેરબજારો રાત્રે ખુલ્લા રહેશે! ડિસેમ્બરમાં ઓવરનાઈટ સેશન શરૂ થઈ શકે છે.

હાલમાં, નાસ્ડેક અને NYSE અઠવાડિયામાં પાંચ દિવસ, સવારે 9:30 થી સાંજે 4:00 વાગ્યા (ET) સુધી તેના મુખ્ય સેશન ચલાવે છે. અઠવાડિયામાં પાંચ દિવસ, 23-કલાકના ટ્રેડિંગ કલાકોના સંભવિત અમલીકરણથી, વિશ્વભરમાં બજારના સહભાગીઓ પર લાંબા ટ્રેડિંગ કલાકોની અસર વિશે ચર્ચા શરૂ થઈ છે.

યુએસ શેરબજારો ટૂંક સમયમાં દિવસ અને રાત બંને સમયે ખુલ્લા રહેશે. હા, ડિસેમ્બરથી રાત્રે ખુલ્લા રાખવાની યોજના છે. બ્લૂમબર્ગના અહેવાલ મુજબ, Nasdaq, NYSE Arca, 24X National Exchange, અને Cboe EDGX ન્યૂ યોર્કમાં રાત્રે 9 વાગ્યાથી સવારે 4 વાગ્યા સુધી "ઓવરનાઈટ સત્ર" ઉમેરવાની યોજના ધરાવે છે. આ તેમના હાલના નિયમિત ટ્રેડિંગ કલાકો અને બજાર પહેલા અને પછીના સમયગાળા ઉપરાંત હશે. આ ફેરફાર, જે 6 ડિસેમ્બરથી શરૂ થશે, તેનો હેતુ વિદેશી રોકાણકારોની વધતી માંગને પહોંચી વળવા અને ક્રિપ્ટો અને પ્રિડિક્શન બજારો સાથે સ્પર્ધા કરવાનો છે.

હાલમાં, Nasdaq અને NYSE અઠવાડિયામાં પાંચ દિવસ સવારે 9:30 થી સાંજે 4 વાગ્યા (ET) સુધી મુખ્ય સત્રો ચલાવે છે. આ કલાકો ઉપરાંત, મર્યાદિત ટ્રેડિંગ માટે "પહેલાના કલાકો" અને "પહેલાના કલાકો" સત્રો પણ છે. "પહેલાના કલાકો" સત્ર સવારે 4 વાગ્યે શરૂ થાય છે. સાંજે 4 વાગ્યાથી રાત્રે 8 વાગ્યા સુધી "પોસ્ટ-માર્કેટ" સત્ર પણ છે. ડિસેમ્બરમાં અમલમાં આવી શકે તેવા ફેરફારો હોવા છતાં, એક્સચેન્જમાં મેઈન્ટેનન્સ અને ટ્રેડ પ્રોસેસિંગ માટે રાત્રે 8 વાગ્યાથી રાત્રે 9 વાગ્યા સુધી એક કલાકનો વિરામ રહેશે.

જ્યારે ઘણા વર્ષોથી રાત્રિ વેપાર થઈ રહ્યો છે, ખાસ કરીને વૈકલ્પિક ટ્રેડિંગ સિસ્ટમ્સ દ્વારા, કુલ વેપારમાં તેનો હિસ્સો ઓછો રહે છે. ગયા અઠવાડિયે સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ કમિશન રાઉન્ડ ટેબલમાં રજૂ કરાયેલા ડેટા અનુસાર, બીજા ક્વાર્ટરમાં ઓવરનાઈટ ટ્રેડિંગ ઈક્વિટી ટ્રેડિંગ વોલ્યુમના માત્ર 1 ટકા જેટલો હતો. જ્યારે દિવસના વેપારની તુલનામાં તેની માત્રા ઓછી છે, ત્યારે ઓવરનાઈટ ટ્રેડ ઝડપથી વધી રહ્યો છે, જે એક વર્ષ પહેલા કરતા 358 ટકા વધ્યો છે.

જો AIની તેજી ધીમી પડશે તો ભારતમાં વિદેશી રોકાણ વધી શકેઃ RBI

વિકસિત દેશોમાં એઆઇ સાથે જોડાયેલા વેલ્યુએશનમાં સુધારો થાય તો તેની ભારત પર સકારાત્મક અસર પડી શકે છેઃ સંજય મલ્હોત્રા

નવી દિલ્હી, તા. 3ઃ એઆઈનું વિશ્વભરમાં વધુને વધુ રોકાણ કરવામાં આવી રહ્યું છે અને તેની અસર વિશ્વભરના શેરબજાર પર પણ જોવા મળી છે. પરંતુ જો વિકસિત દેશોમાં એઆઇ સંબંધિત કંપનીઓના ઉંચા મુલ્યાંકનમાં સુધારો કરવામાં આવે તો ભારતને તેનો ફાયદો થઈ શકે છે. આનાથી ભારતમાં વિદેશી મુડીનો પ્રવાહ વધી શકે છે. જોકે, ધીમું એઆઇ રોકાણ વૈશ્વિક બજારો માટે જોખમ પણ ઉભું કરી શકે છે. જો એઆઇ સંબંધિત કંપનીઓમાં રોકાણની કમાણીમાં મંદી આવે છે, તો નાણકીય અસ્કયામતોના ભાવમાં તીવ્ર સુધારો થઈ શકે છે, આનાથી નાણાકીય સંપત્તિમાં અસ્થિરતાનું જોખમ પણ વધશે.

આરબીઆઈના ગવર્નર સંજય મલ્હોત્રાએ આજે નવી દિલ્હીમાં આયોજિત કોટિલ્ય ઈકોનોમિક કોન્કલેવમાં કહ્યું હતું કે, એઆઇ રોકાણ ચક્ર વૈશ્વિક બજારોને મોટો ટેકો આપી રહ્યું છે, પરંતુ જો તે ધીમું પડે છે. તો નાણાકીય અસ્કયામતોની કિંમતોમાં તીવ્ર ફેરફાર થઈ શકે છે.

મલ્હોત્રાએ કહ્યું કે જો વિકસિત દેશોમાં એઆઇ સાથે જોડાયેલા વેલ્યુએશનમાં સુધારો થાય તો તેની ભારત પર સકારાત્મક અસર પડી શકે છે. આવી સ્થિતિમાં ભારત તરફ વિદેશી મુડીનો પ્રવાહ વધી શકે છે. તેમણે કહ્યું કે વિકસિત દેશોમાં એઆઇ સાથે જોડાયેલ મુલ્યાંકનમાં જો કોઈ સુધારો થાય છે, તેથી મુડી પ્રવાહની દ્રષ્ટિએ તેની હકારાત્મક અસર થઈ શકે છે.

ભારતીય શેરબજારની વાત કરીએ તો છેલ્લા કેટલાક મહિનાઓમાં ઉચ્ચ મુલ્યાંકન સ્તરથી સુધારો જોવા મળ્યો છે. જોકે, તેમના જણાવ્યા અનુસાર અત્યાર સુધી આ એડજસ્ટમેન્ટ વ્યવસ્થિત રીતે કરવામાં આવ્યું છે. મલ્હોત્રાએ વધુમાં કહ્યું કે, મજબૂત મેક્રો ઈકોનોમિક ફંડામેન્ટલ્સ અને નાણાકીય પ્રણાલીની મજબૂતી ભારતને વૈશ્વિક આંચકાઓની સામનો કરવામાં મદદ કરે છે. મજબૂત મેક્રો ઈકોનોમિક ફંડામેન્ટલ્સ અને નાણાકીય પ્રણાલીની તાકાત અમને આ આંચકાઓનો સામનો કરવાની અમારી ક્ષમતામાં વિશ્વાસ આપે છે.

RBI વ્યાજદરમાં વધારો કરશે?

ઉંચી મોંઘવારી, નબળો રૂપિયો અને ફેડરેટમાં વધારાના લીધે આરબીઆઇ માટે વ્યાજદર વધારો કરવા સિવાય વિકલ્પ નથી

નવી દિલ્હી, તા. 3ઃ ભારતીય રિઝર્વ બેન્કની આગામી 5થી 7 ઓક્ટોબરની વચ્ચે મોનીટરી પોલિસી કમિટિની બેઠક મળનારી છે. આ ત્રણ દિવસીય બેઠકમાં અર્થવ્યવસ્થાની વર્તમાન સ્થિતિ પર સમીક્ષાની સાથે વ્યાજદરો પર નિર્ણય લેવામાં આવશે. એમપીસીની બેઠકનો નિર્ણય 7મી ઓક્ટોબરે જાહેર કરવામાં આવશે.

નિષ્ણાંતો સ્પષ્ટ માની રહ્યા છે કે, આ વખતે આરબીઆઈ પાસે વિકલ્પ રહેતો નથી, તેથી તેમને વ્યાજદરમાં વધારો કરવો પડશે. આ વધારો કેટલો થાય છે તે જોવાનું રહેશે. ઓછામાં ઓછા 25 બેસીસ પોઈન્ટ તરફ ઈશારો કરવામાં આવી રહ્યો છે અને એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, આ સ્થિતિ ચાલુ રહેશે તો ડિસેમ્બરમાં વધુ એક 25 બેસીસ પોઈન્ટના વધારાની તૈયારી રાખવી પડશે.

વ્યાજદર વધારો થવા પાછળના કારણમાં ઉંચી મોંઘવારી અને ક્રુડના ભાવ ઉછળતા આયાત બિલમાં વૃદ્ધિ, ફેડ રેટ અને યુએસ બોન્ડ યીલ્ડમાં વૃદ્ધિ થતા નબળો પડતો જતો રૂપિયો છે.

નાયરાએ પેટ્રોલમાં રૂ. 5 અને ડિઝલમાં રૂ. 3 વધાર્યા

નવી દિલ્હી, તા. 3ઃ નાયરા એનર્જીએ પેટ્રોલ અને ડિઝલના ભાવમાં વધારો કર્યો છે. કંપનીએ પેટ્રોલના ભાવમાં રૂ. 5 પ્રતિ લિડર અને ડિઝલના ભાવમાં રૂ. 3 પ્રતિ લિટરનો વધારો કર્યો છે. નવા ભાવ શનિવાર સવારથી જ લાગુ થઇ ગયા છે.

અમદાવાદમાં એક લિટર પેટ્રોલનો ભાવ રૂ. 106.83 અને ડિઝલનો ભાવ રૂ. 100.92 થયું છે. જ્યારે ભોપાલમાં પેટ્રોલનો ભાવ રૂ. 119.54 અને ડિઝલનો ભાવ રૂ. 103.64 થઇ ગયો છે. આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ ઓલના ભાવમાં થયેલા વધારા બાદ છૂટક ભાવો અને વધતી કિંમત વચ્ચેના તફાવતને ઘટાડવા માટે આ નિર્ણય લીધો છે.

એક કંપની અન્ય કંપનીમાં ભળી જાય ત્યારે... તેનું અસ્તિત્વ રહેતું નથી અને તેવી કંપનીની આકારણી કરી શકાય નહી

ના. બોમ્બે હાઇકોર્ટનો ચુકાદાને મંજૂર રાખતો ના. સુપ્રિમ કોર્ટનો અગત્યનો ચૂકાદો

કાયદાની કેડીએ...

ઈશ્વર રૂદલાલ

જ્યારે એક કંણની અન્ય કંપનીમાં ભળી જાય એમાગમેટ થાય ત્યારે તેનું અસ્તિત્વ જ રહેતું નથી અને કંપનીનું એક વખત અસ્તિત્વ જ ન હોય ત્યારે તેવી કંપનીની જીએસટીની આકારણી કરી શકાય નહી તેવો અગત્યનો ચૂકાદો ના. બોમ્બે હાઈકોર્ટે વોડાફોન આઈડિયા લી. (અગાઉ વોડાફોન મો. સર્વિસીસ) વિ. યુનિયન ઓફ ઈન્ડિયા રી.પી.નં. 6637/2025ના કેસમાં તા. 29-4-25ના રોજ આપેલ અને તે ચૂકાદા સામેની સરકારની અપીલ ખૂબ તાજેતરમાં ના. સુપ્રિમ કોર્ટે યુનિયન ઓફ ઈન્ડિયા વિ. વોડાફોન આઈડિયા લી. સ્પે. લી.પી. ડાયરી 47728/2026નાં કેસમાં તા. 7-9-26ના ઓર્ડરથી બોમ્બે હાઈકોર્ટના ચૂકાદામાં હસ્તક્ષેપ ન કરવાનું જણાવી નામંજૂર કરવામાં આવેલ ત્યારે.. આ ચૂકાદાઓ તરફ એક નજર નાંખીએ તો....

હકીકત...

વોડાફોન મોબાઈલ સર્વિસીસ લી.નો ટાવર ભાડે આપવાનો ધંધો તા. 23-11-17ના રોજ આ કંપનીએ એટીસી ટેલીકોમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે ધંધો તબદીલો કરવા કરાર કરેલ જે પ્રમાણે ટાવર ભાઠે આપવાનો ધંધો તમામ હક અને જવાબદારી સાથે ચાલુ કન્સર્ન તરીકે ઉચક રકમથી વેચાણ કરેલ તો ત્યારબાદ તા. 30-8-2018ના રોજના NSLTના આદેશથી વોડાફોન મોબાઈલ સર્વિસીસ તેમજ વોડાફોન આઈડિયા લી.નું. આઈડિયા વિલીનીકરણ થયેલ જેની ખાતાને જાણ કરવામાં આવેલ. તો PGGI દ્વારા માર્ચ 2022થી જુલાઈ 2022ના સમયગાળાના અવરજવર આ વ્યવહાર અંગે માહિતી અને દસ્તાવેજો માંગવામાં આવ્યા તો બે વર્ષના સભ્ય બાદ.... કંપનીને કલમ 70 હેઠળ સમન્સ બજાવવામા આવ્યો અને ત્યારબાદ કલમ 74 હેઠળ કારણદર્શક નોટિસ બજાવી. રૂા. 363 કરોડ જેટલું માંગણુ ઊભું કરવા સામે ખુલાસો માંગવામા આવ્યો. કંપની દ્વારા નોટિસના જવાબ આપવામા આવ્યો. પરંતુ તે ધ્યાનમાં લીધા વગર ઓર્ડર પસાર કરવામાં આવતા તે ઓર્ડરને શટપીટીશન દ્વારા ના. બોમ્બે હાઈકોર્ટે સમક્ષ પડકારવામાં આવ્યો.

દલીલ....

કંપનીના વિધ્વાન સિનિયર કાઉન્સેલે રજૂઆત કરતા જણાવ્યું કે અસ્તિત્વનાં હોય તેવી કંપની સામેનો ઓર્ડર ગેરકાયદેસર છે, જે ના. સુપ્રીમકોર્ટના મારૂતિ સુઝુકી ઈન્ડિયા લી.ના ચૂકાદા વિરૂધ્ધનો છે.

ચૂકાદો....

ના. બોમ્બે હાઈકોર્ટે નોંધ લીધી કે વોડાફોન મોબાઈલ સર્વિસીસ લી. તેમજ વોડાફોન ઈન્ડિયા લી.નું. આઈડિયા સેલ્યુસર લી.માં NCLTના તા. 30-8-18ના ઓર્ડરથી વિલીનીકરણ થયેલ છે અને તેની માહિતી અધિકારીને આપવામાં આવેલ. કોર્ટના મતે. આ કેસને મારૂતિ સુઝુકી ઈન્ડિયા લી.ના સુપ્રિમકોર્ટના ચૂકાદાથી સમર્થન મળે છે. જે ચૂકાદા મુજબ જ્યારે બે કંપનીઓ એક બીજામા ભળી જાય છે ત્યારે જે કંપની ભળી જાય છે તેનુ અસ્તિત્વ રહેતુ નથી અને જે કંપનીનુ અસ્તિત્વ રહેતે નથી તે કંપનીને ઈન્કમટેક્ષ કાયદાની કલમ 2(31) પ્રમાણે વ્યક્તિ ગણી શકાય નહીં કે જેની સામે આકારણી આદેશ પસાર કરી શકાય. જ્યારે કંપનીનુ વિલીનીકરણ થયુ હોય અને તે માહિતી અધિકારીને આપવામા આવેલ હોય ત્યારે તેવી અસ્તિત્વમાં ન રહેલ કંપની સામેની આકારણીની કાર્યવાહી ગેરકાયદેસર છે એમ જણાવી ના.હાઈકોર્ટે કંપની વિરૂધ્ધ બજાવવામા આવેલ આદેશ રદ કરેલ તો ના સુપ્રિમકોર્ટે....

ના. સુપ્રિમકોર્ટે બોમ્બે હાઈકોર્ટના ચૂકાદા સામેની સરકારની અપીલો યુનિયન ઓફ ઈન્ડિયા વિ. વોડાફોન આઈડિયા લી.ના સ્પે. લીવ પીટીશન (સિવીલ) ડાયરીના 47708/2026ના કેસના તા. 7-9-26ના ઓર્ડરથી જણાવ્યું કે અમે પાર્ટીઓ તરફથી હાજર રહેલ વિધ્વાન કાઉન્સેલને સાંભળ્યા છે અને રેકર્ડ પરની વિગત તપાસતા અમને ના. બોમ્બે હાઈકોર્ટના ઓર્ડરના હસ્તક્ષેપ ન કરવાનું યોગ્ય લાગે છે એમ જણાવી અપીલો ડિસમીસ કરી.

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા

૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂા.
૩૦/૨૪ બ્રાઇટ	૩૦૧.૩૫
૩૦/૩૬ એફડી	૩૦૮.૭૫
લોકલ	
૬૨/૩૬ ક્રિમ્પ	૧૬૮.૫
૬૮/૩૬	૧૬૫.૫
૭૨/૩૬ ક્રિમ્પ	૧૬૬.૫
૯૦/૩૬ ક્રિમ્પ	૧૫૧.૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૬૨.૫
૩૦/૧૪ ક્રિમ્પ	
૮૦/૭૨ રોટો.	૧૬૭.૫
૮૦/૩૬ રોટો.	૧૬૮.૫
૧૫૦/૪૮બ્રાઇટ	૧૬૦

૭૫/૩૬ ''	૧૫૦
૫૦/૩૬ ''	૧૫૭
૫૦/૪૮ SD/ક્રેપ	૨૭૭
RIL રિલાયન્સ	
૯૦/૩૬ ક્રિમ્પ	૧૬૨
૧૧૪.૧૩ રોટો	---
૧૦૦ ટેક્ષ	૧૬૧
વેલનોન (જીએસટી સાથે)	
૮૦/૭૨ રોટો	૧૭૨.૫
૮૦/૭૨ ફોલ્ડર	૭૭.૫
૧૬૦ ડીસ્કેટ	૧૭૭.૫
---	---
૮૦/૧૦૮ ''	૧૭૦

-----	---
૮૦/૭૨ બ્લેક રોટો	૧૭૭.૫
ગાર્ડન	
૪૯/૨૪ એફડીવાય	૧૫૭
૩૦/૧૪ ક્રિમ્પ	૨૧૩.૫
૬૨ ક્રિમ્પ	૧૬૯.૫
૬૮ ક્રિમ્પ	૧૬૬.૫
૭૨ ક્રિમ્પ	૧૬૬.૫
૭૫ ક્રિમ્પ	૧૬૫.૫
૮૦ ક્રિમ્પ	૧૬૩
૮૦/૭૨ રોટો	૧૬૮.૫
૩૦/૨૪ બ્રાઇટ	---
૩૦/૩૬ એફડી	---
TPM	૧૬૭.૫

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૫૩૫૦૦
તેજાબી સોનું	૧૫૩૪૧૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૫૮૨૫
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૧૫૦૪૫૦
સોનાનાં બિસ્કીટ	૧૫૩૫૦૦૦
ચાંદી (૯૯૯)	૨૨૯૦૦૦
ચાંદી સિક્કા	૨૩૦૫૦૦

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

મહારાષ્ટ્ર	
એમ-30 (ભરવાલાયક)	૫૨૦૦
એમ-30	૫૧૦૦
એસ-30	૫૦૦૦
ગુજરાત	
એમ-30	૪૯૦૦
એસ-30	૪૮૦૦